# અધ્યાય ૧૭
# બ્રહ્મ તથા લોભ વચ્ચે અખંડ વૈર

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમઃ ।**

**બ્રહ્મજ્ઞાન (આત્મદર્શન)ની લાયકાત :** દરેક માણસ કંઈ પોતાના જીવન દરમ્યાન બ્રહ્મદર્શન પામતો નથી. તેને માટેની ચોક્કસ લાયકાત જરૂરી છે.

**૧) મુમુક્ષા :** (મુક્ત થવાની તીવ્ર ઇચ્છા) આ સંસાર-બંધનોની બેડીમાંથી મુક્ત થવું જોઈએ એમ માનીને જે લોકો દૃઢતાથી તીવ્ર પ્રયત્ન કરે છે અને કશો જ મોહ રાખતા નથી તે લોકો જ આત્મદર્શનના સાચા અધિકારી છે.

**૨) વિરક્તિ :** (આ લોક તેમજ પરલોકની વસ્તુ પ્રત્યે આવેલો વૈરાગ્ય) આ લોક તેમજ પરલોકનાં સુખવૈભવ, માન-પાન એ સૌ આપણાં પૂર્વકર્મોના ફળરૂપ જ મળે છે. તે પર જ્યાં લગી માણસને અણગમો થતો નથી ત્યાં સુધી તેને દૈવી રાજ્યમાં પ્રવેશવાનો અધિકાર નથી.

**૩) અંતર્મુખતા :** ઈશ્વરે આપણી ઇન્દ્રિયોની રચના જ એવી કરેલી છે કે તે સદા બહિર્મુખ જ રહે છે. તેથી માણસ સ્વતઃ અંતર્મુખ જ થતો નથી, ને માત્ર બહાર જ દૃષ્ટિ કરે છે. પણ જેમને આત્મદર્શન કરવું છે તથા અમર જીવન મેળવવું છે તેમણે પોતાની દૃષ્ટિ અંતર્મુખ વાળીને અંદર નિહાળવું જોઈએ.

**૪) પાપમુક્તિ :** માણસ દુષ્ટતા આચરતો અટકે નહિ તથા એ માર્ગ પરથી પાછો વળીને એકાગ્રચિત્ત કરી ચિત્તની શાંતિ ન મેળવે ત્યાં સુધી ગમે તેવો જ્ઞાની હોય છતાં તેને આત્મદર્શન નથી.

**૫) સત્ય વર્ણન :** સત્ય-તપ-અંતર્મુખતા-બ્રહ્મચર્યના માર્ગ પર માણસ જ્યાં સુધી ચાલતો નથી ત્યાં સુધી તેને બ્રહ્મદર્શન થતું નથી.

**૬) પ્રેય કરતાં શ્રેયની પસંદગી :** તમામ વસ્તુના બે પ્રકાર છે : શ્રેયસ



તથા પ્રેયસ. ધાર્મિક કલ્યાણની વસ્તુઓ શ્રેયસ છે અને સંસારી આનંદની વસ્તુઓ પ્રેયસ છે. માણસને આ બન્ને પ્રકારની વસ્તુઓ સંસારમાં આવી મળે છે, જેમાંથી તેણે વિચારીને એકની પસંદગી કરવાની હોય છે. ડાહ્યા માણસો પ્રેયસ કરતાં શ્રેયસ વધુ પસંદ કરે છે. પણ મૂર્ખ લોકો લોભ તથા તૃષ્ણાને લીધે પ્રેયસ પસંદ કરે છે.

**૭) ઇન્દ્રિય-મન પર નિગ્રહ :** આ દેહ રથ છે. આત્મા તેનો માલિક છે. બુદ્ધિ તેનો સારથી છે અને મન તેની લગામ છે. ઇન્દ્રિયો તેના ઘોડા છે તથા ભોગપદાર્થો તેના માર્ગ છે. બુદ્ધિહીન, મનોનિગ્રહ વિનાના પાપી ઘોડા જેવી અનિયંત્રિત ઇન્દ્રિયોવાળા રથી કદી જ મુકામ પર પહોંચતા નથી. જન્મ-મરણના ચક્રમાં તે ભમ્યા કરે છે. પણ બુદ્ધિમાન, મનોનિગ્રહવાળા, નિયંત્રિત ઇન્દ્રિયોવાળા પુરુષો, સારા રથીના ઘોડાની માફક મુકામે પહોંચે છે. (આત્મદર્શન કરે છે) જ્યાંથી તેમને પુનર્જન્મ જ થતો નથી. જે પુરુષમાં રથીની આવડત છે તથા મન પર લગામ રાખે છે તે પુરુષ સર્વવ્યાપક વિષ્ણુના પરમધામ સુધીની સફળ યાત્રા કરે છે.

**૮) મનની પવિત્રતા :** જ્યાં સુધી માણસ પોતાના ભાગે આવેલી ફરજ, વૈરાગ્યવૃત્તિથી સંતોષપ્રદ બજાવતો નથી ત્યાં સુધી તેનું મન પવિત્ર બનતું નથી. મન પવિત્ર ન બને તો આત્મદર્શન થવું જ અસંભવિત છે. પવિત્ર મનમાં જ વિવેક તથા વૈરાગ્ય જાગે છે અને આત્મદર્શન લગી સહજ પહોંચાય છે. પણ જ્યાં સુધી અહંત્વ ન જાય, લોભનો ત્યાગ ન થાય, તૃષ્ણા વિનાનું મન ન બને ત્યાં સુધી આત્મદર્શન સંભવિત જ નથી, 'હું દેહ છું' એ ખ્યાલ જ ખોટો ભ્રમ છે તથા બંધનનું મૂળ છે. માટે આત્મદર્શન કરવા ઇચ્છનારે એ ખ્યાલ છોડી દઈ દેહ પરનો ભાવ દૂર કરવો જોઈએ.

**૯) ગુરુની જરૂર :** આત્માનું જ્ઞાન જ એવું સૂક્ષ્મ તથા ગૂઢ છે કે એકલા સ્વપ્રયત્ન વડે તે કોઈ પામી શકતું નથી. માટે જ આત્મદર્શન પામેલા ગુરુની સહાય ખાસ જરૂરી છે. ખૂબ મહેનત તથા ભારે કષ્ટ પછી પણ જે અન્ય લોકો આપી શકતા નથી તે આવા ગુરુની સહાયથી સહજ પ્રાપ્ત થાય છે. સીડીના દરેક પગથિયા પર પોતે શિષ્યને દોરીને લઈ જઈ શકે છે.

**૧૦) પ્રભુકૃપા :** છેવટ ઈશ્વરકૃપા તો જરૂરી છે. પ્રભુ કોઈ પર તુષ્ટમાન થાય છે ત્યારે પ્રથમ તેને વિવેક તથા વૈરાગ્ય દે છે અને સંસારસાગર તારી દે છે. કઠોપનિષદમાં કહ્યું છે કે ''વેદાધ્યયનથી અગર બુદ્ધિથી અથવા કોઈ વિદ્યાથી આત્મદર્શન થતું નથી. જેના પર ઈશ્વરની, પરમાત્માની કૃપા ઉતરે છે તેને આ સર્વ સરળ બને છે. તેની પાસે પરમાત્મા જ પોતાનો સ્વભાવ ખુલ્લો કરે છે.''

ઉપરનું વિવેચન પૂરું થઈ રહ્યા પછી બાબાએ પેલા શ્રીમંતને કહ્યું: ''ભાઈ, તારા જ ખિસ્સામાં પચાસગણા પાંચ અર્થાત્ અઢીસો રૂપિયાના આકારે બ્રહ્મ બેઠા છે. તે તું બહાર કાઢ.'' પેલાએ ખિસ્સામાંથી નોટોનું બંડલ કાઢ્યું ને નોટો ગણી જોઈ તો બરાબર દસ દસની પચીસ નોટો અઢીસો રૂપિયા થયા. બાબાની આવી સર્વજ્ઞતા જોઈને તે અચંબો પામ્યો અને બાબાના પગમાં પડી ગયો તથા બાબાના આશીર્વાદ માગવા લાગ્યો. ત્યારે બાબાએ તેને કહ્યું, ''તારું બ્રહ્મનું બંડલ હવે બાંધી દે. જ્યાં સુધી તારાં આ લોભ તથા તૃષ્ણાનો ત્યાગ તું કરીશ નહિ ત્યાં સુધી તને સત્યબ્રહ્મનું દર્શન થનાર નથી. ધનબાળબચ્ચાં-વૈભવમાં જેનું મન ખૂપેલું હોય તે એ બધાનો મોહ દૂર કરી બ્રહ્મજ્ઞાન ક્યાંથી પામી શકે? ધનનો મોહ અર્થાત્ રાગનો ભ્રમ જ કષ્ટનું ઊંડું વમળ છે, જેમાં ઈર્ષ્યા તથા છેતરપીંડી જેવા ઘણા મગરો ભમે છે. તૃષ્ણા વિનાનો પુરુષ જ આ વમળ પાર કરી શકે. લોભને તથા બ્રહ્મને, એ બેને તો બને જ નહિ. એ બન્ને તો એક બીજાથી વિરુદ્ધ છે. જ્યાં લોભ છે ત્યાં ધ્યાન અગર બ્રહ્મચિંતનને સ્થાન જ ક્યાંથી હોય ? તો પછી લોભી માણસને વૈરાગ્ય જ શાનો થાય ? એને મુક્તિ ક્યાંથી મળે? લોભીને નથી શાન્તિ, નથી સંતોષ, નથી દૃઢતા. લોભનો સહેજ છાંટો પણ મનમાં હોય તો બધી સાધના નિષ્ફળ જાય છે. જે વિદ્વાન પુરુષ કર્મના ફળની તૃષ્ણામાંથી મુકત થયો નથી કે જેના મનમાં વૈરાગ્ય નથી તેનું જ્ઞાન નકામું છે. એ જ્ઞાન આત્મદર્શનમાં કંઈ કામ લાગતું નથી. જે પુરુષ ઇન્દ્રિયોના વિષયોમાં સદા મગ્ન રહે છે અને જે અહંત્વથી છલકાઈ જાય છે તેને ગુરુનો ઉપદેશ પણ કશા કામનો નથી. મનની પવિત્રતા ખાસ જરૂરી છે. એ વિના તો આપણા સર્વ આધ્યાત્મિક પ્રયત્નો પણ માત્ર નિરૂપયોગી દેખાવ ને ડોળરૂપ જ છે. માટે જેટલું પચાવી શકાય તથા મનમાં ઉતારી શકાય તેટલું જ ગ્રહણ કરવું તે ઉત્તમ છે. મારો ભંડાર તો ભરપૂર છે કે કેમ તે મારે જોવું પડે છે. મારો આ બોધ જો તમે ધ્યાનથી



સાંભળશો તો અવશ્ય તમને લાભ થશે. આ દ્વારકામાઈમાં બેસી હું કદી જૂઠું બોલ્યો નથી.''

જ્યારે આપણે ત્યાં કોઈ મહેમાનને બોલાવીએ છીએ ત્યારે ઘરનાં બધાં માણસો, સગાં, સ્નેહી-મિત્રો-એ સર્વને પણ આપણે જમાડીએ છીએ. તે મુજબ એ વેળા જે સઘળા ભકતો મસીદમાં બેઠા હતા તે સર્વને બાબાએ પેલા શ્રીમંતને જે બોધ આપ્યો તેનો લાભ મળ્યો. બાબાના આશીર્વાદ પામી પેલા શ્રીમંત સાથે એક પછી એક સૌ આનંદ પામી સંતોષપૂર્વક મસીદમાંથી ઊઠ્યા.

**બાબાનું ખાસ લક્ષણ :** ઘણા સંતો એવા હોય છે કે તેઓ સંસાર છોડી મંગલગુફા કે એવા આશ્રમમાં જઈને રહે છે અને એકાન્ત સેવી મુક્તિ મેળવવા પ્રયત્ન કરે છે. તેમને બીજા લોકોની પડી હોતી નથી. તે સદા આત્મનિમજ્જનમાં જ રહે છે. સાઈબાબા એ પ્રકારના સંત નહોતા. તેમને ઘરબાર-સ્ત્રી-છોકરાં સગાંવહાલાં કોઈ નહોતાં, છતાં તે સંસારમાં જ રહ્યા. પાંચ ઘેરથી ભાખરી માંગી લાવતા. લીંબડાના વૃક્ષ તળે વસતા. બધો વ્યવહાર જાળવતા તથા આ જગતમાં કેમ રહેવું ને વર્તવું તેનો બોધ દેતા હતા. ઈશ્વરે સાક્ષાત્કાર કર્યા પછી લોકકલ્યાણ માટે પ્રયત્ન કરનારા આવા સાધુ બહુ થોડા જોવામાં આવે છે. એ સર્વમાં સાઈબાબા અગ્રપદે છે. તેથી જ હેમાડપંત કહે છે કે ''તે દેશ ધન્ય છે, તે કુટુંબને ધન્ય છે, તે માતાપિતાને ધન્ય છે જ્યાં સાઈબાબા જેવા અનુપમ, અમૂલ્ય રત્નનો જન્મ થયો છે.''

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભકત હેમાડપંતવિરચિતે**
**શ્રી સાઈસમર્થસચ્ચરિત્રે 'બ્રહ્મ તથા લોભ વચ્ચે અખંડ વૈર' નામ**
**સત્તરમો અધ્યાય સંપૂર્ણ ।**
**। શ્રી સદ્‌ગુરુસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**